Advertisement No. RC/B.1304/2020(Driver)

# હાઈકોર્ટ ઓફ ગુજરાત

## સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦

વેબસાઈટસ : https://hc-ojas.gujarat.gov.in તથા www.gujarathighcourt.nic.in

## જાહેરાત ક્રમાંક : આર.સી./બી.૧૩૦૪/૨૦૨૦(ડ્રાઈવર)

## ગુજરાત હાઈકોર્ટમાં 'ડ્રાઈવર' ની ભરતી

| ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો | | |
|---|---|---|
| ઓનલાઈન અરજી કરવાની શરૂ થતી તારીખ અને સમય | તા.૧૭/૦૩/૨૦૨૧ | બપોરે ૧૨:૦૦ કલાકથી |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય | તા.૦૫/૦૪/૨૦૨૧ | રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી |

| યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ<br>(નોંધ : અનિવાર્ય સંજોગોમાં નીચે દર્શાવેલ કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે) | |
|---|---|
| હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | તા.૨૦/૦૬/૨૦૨૧ |
| ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ | જુલાઈ–ઓગસ્ટ ૨૦૨૧ |

**નોંધ:** ઓનલાઈન અરજી કરવાના છેલ્લા દિવસોમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોવાથી, સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે.**

ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, પરીક્ષાના કાર્યક્રમ, કોલલેટર, નોટીસ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે હાઈકોર્ટ ખાતે ફોન ન કરતા, ઉપર દર્શાવેલ વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.

ગુજરાત હાઈકોર્ટમાં 'ડ્રાઈવર'ની સીધી ભરતીની **કુલ–૦૫ જગ્યાઓ** રૂા.૧૯,૯૦૦–૬૩,૨૦૦/– પગાર ધોરણમાં સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે :

### ૧. કક્ષા/કેટેગરીદીઠ જગ્યાની સંખ્યા :

| કુલ જગ્યા | કક્ષા/કેટેગરી પ્રમાણે વિભાજન | | | | | મહિલાઓ માટે કક્ષા/કેટેગરી પ્રમાણે વિભાજન | | | | | કુલ જગ્યાઓ પૈકી Ex-Serviceman માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Gen | SC | ST | SEBC | EWS | Gen | SC | ST | SEBC | EWS | |
| 05 | 02 | 01 | 02 | 00 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 00 |

**નોંધ :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ **(SEBC)** તેમજ આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)** ની જગ્યા ન હોઈ, આ કક્ષા/કેટેગરીના ઉમેદવારોને સામાન્ય (જનરલ) કક્ષા/કેટેગરીના ધારાધોરણો લાગુ પડશે. તેમ છતાં ફી ભરવામાં તેમને રાહત આપવામાં આવશે.

(૧) ઉપરોકત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર ગુજરાત હાઈકોર્ટને રહેશે.

(૨) **ડ્રાઈવરની ફરજ/કામગીરીનો પ્રકાર જોતાં 'ફીઝીકલી ડીસેબલ્ડ/ડિફ્રન્ટલી એબલ્ડ' ઉમેદવારો અરજી કરી શકશે નહીં.**

## ૨. <u>અનામત</u> :

(ક) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલા તેમજ માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં અનામત અંગે સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઈઓ/નીતિઓ લાગુ પડશે.

(ખ) ગુજરાત રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિ ના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

## ૩. <u>યોગ્યતા/લાયકાત અંગેના ધોરણો</u> :

### (ક) <u>જરૂરી લાયકાત</u> : (ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૦૫/૦૪/ ૨૦૨૧ ના રોજ)

(૧) ઉમેદવારે સરકાર માન્ય શાળામાંથી ધોરણ–૮ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(૨) ઉમેદવારની આંખો/દ્રષ્ટિ/જોવાની ક્ષમતા સ્પષ્ટ હોવી જોઈએ.

(૩) ઉમેદવારને રંગઅંધત્વની ખામી ન હોવી જોઈએ.

(૪) ઉમેદવાર **'લાઈટ મોટર વ્હિકલ (LMV)' ચલાવવા અંગેનું માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ** ધરાવતા હોવા જોઈએ.

(૫) વાહનની મરામત અને મિકેનીઝમ અંગેની આવડત ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

(૬) પ્રાદેશિક પરિવહન અધિકારી (આર.ટી.ઓ.)/મોટર વ્હિકલ ઈન્સ્પેકટર અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની મદદથી/નિરીક્ષણ હેઠળ ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ લેવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રતિષ્ઠિત સંસ્થા/કંપનીનો ઓછામાં ઓછો **૫ વર્ષનો ડ્રાઈવિંગનો અનુભવ** ધરાવતા હોવા જોઈએ.

(૮) ડ્રાઈવરની ફરજ/કામગીરીનો પ્રકાર જોતાં ઉમેદવાર રતાંધણાપણા, ઝામર, એક જ આંખ (એક જ આંખ કાર્યરત) કે આંખની અન્ય કોઈપણ ખામી ધરાવતાં ન હોવા જોઈએ.

### (ખ) <u>વયમર્યાદા</u> : (ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૦૫/૦૪/૨૦૨૧ ના રોજ)

| **ન્યૂનત્તમ વયમર્યાદા** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|
| ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ | ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ |

### (ગ) <u>વયમર્યાદામાં છૂટછાટ</u> :

(૧) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલા અને માજી સૈનિક ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઈઓ/નીતિઓ અનુસાર નીચે મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.

| કક્ષા/કેટેગરી | છુટછાટ | માજી સૈનિક | કોર્ટના કર્મચારીઓ માટે |
|---|---|---|---|
| સામાન્ય / સા.શૈ.પ.વ./ આ.ન.વ. | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૩ વર્ષ | નીચલી અદાલત અથવા અન્ય હાઈકોર્ટના કર્મચારીઓને નીચે (ગ)(૨) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| અનુસૂચિત જાતિ | ૫ વર્ષ | | |
| અનુસૂચિત જનજાતિ | ૫ વર્ષ | | |
| મહિલા ઉમેદવાર | ૫ વર્ષ | | |

(૨) **નીચલી અદાલત અથવા અન્ય હાઈકોર્ટના કર્મચારીઓને** ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે :

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં <u>વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પુરો કરેલ સમયગાળો</u> બન્નેમાંથી જે ઓછું હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

**<u>નોંધ</u> : ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ, ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૦૫/૦૪/૨૦૨૧ ના રોજ કોઈપણ ઉમેદવારની વય/ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી ન જોઈએ.**

## ૪. <u>પરીક્ષા ફી અને ફી ભરવાની રીત</u> :

**(ક)** **<u>ફી</u> : –** ઉમેદવારે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| **સામાન્ય ઉમેદવાર** | **અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વ./ આ.ન.વ./માજી સૈનિક ઉમેદવાર** |
|---|---|
| રૂા. ૩૦૦/– + બેંક ચાર્જીસ | રૂા. ૧૫૦/– + બેંક ચાર્જીસ |

### (ખ) <u>ફી ભરવાની રીત</u> : –

(૧) ઉમેદવારે **HC-OJAS** પોર્ટલ પર ઉપલબ્ધ **'પ્રિન્ટ એપ્લિકેશન/પે–ફી'** મેનુ બટન દ્વારા **'SBI e-Pay'** થી ફી ભરવાની રહેશે. ફી ભરતા પહેલા ઉમેદવારે ત્યાં આપેલ 'Instructions/Help' ને ધ્યાનપૂર્વક વાંચી અને સમજી લેવી. ફી બે ઓપ્શન દ્વારા ભરી શકાશે.(અ) ઓનલાઈન પેમેન્ટ મોડ, (બ) ઓફ લાઈન પેમેન્ટ મોડ (**'SBI e-Pay'** દ્વારા **કેશ ચલણ** ઓનલાઈન જનરેટ થશે).

### (અ) <u>ઓનલાઈન પેમેન્ટ મોડ</u> :

**'SBI e-Pay'** દ્વારા નેટ બેન્કિંગ, ક્રેડિટકાર્ડ, ડેબિટકાર્ડ વગેરે માધ્યમથી ઓનલાઈન ફી ભરી શકાશે.

ઓનલાઈન પેમેન્ટ મોડથી ફી ભર્યા બાદ ઈ–રીસીપ્ટ મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા સમયે ઉમેદવારે રજુ કરવાની રહેશે. જો કોઈ કારણોસર ટ્રાન્જેકશન/પેમેન્ટ નિષ્ફળ થાય તો તે માટે ત્યાં આપેલ **'Instructions/Help'** નું પાલન કરવાનું રહેશે.

**<u>નોંધ</u> : *ઈ–રીસીપ્ટ જે તે સમયે જ જનરેટ થતી હોવાથી તેની હાર્ડકોપી અને સોફ્ટકોપી બંને સાચવીને રાખવી ત્યારબાદ ફરીથી મેળવી શકાશે નહીં, તેની ખાસ નોંધ લેવી.***

### (બ) <u>ઓફ લાઈન પેમેન્ટ મોડ</u> :

જો ઉમેદવારે **'કેશ ચલણ (ઓફ લાઈન)'** ઓપ્શન પસંદ કરેલ હોય તો, **'કેશ ચલણ'** પ્રિન્ટ કરી, ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં **SBI** ની જ કોઈપણ બ્રાન્ચમાં નિયત ફી ભરવાની રહેશે.

ચલણની એક કોપી બેંક લઈ લેશે અને બીજી કોપી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે પરીક્ષા / પ્રમાણપત્ર ચકાસણી (ડોકયુમેન્ટ વેરીફિકેશન) સમયે રજૂ કરવાની રહેશે.

**<u>નોંધ</u>:– ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી નિયત ફી ભરી શકાશે નહીં.**

(૨) **<u>ઉમેદવારે ઈ–રીસીપ્ટ કે કેશ ચલણની કોપી ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવીને રાખવી</u>.**

(૩) ઉમેદવારે કન્ફર્મ કરેલ 'ઓનલાઈન એપ્લિકેશન' ફકત ત્યારે જ માન્ય ગણાશે કે જયારે ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન **'SBI e-Pay'** દ્વારા જરૂરી ફી ભરેલ હશે.

(૪) જે ઉમેદવારે નિયત સમયમર્યાદામાં ઓનલાઈન મોડ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૧ થી તા.૦૫/૦૪/૨૦૨૧ તથા ઓફ લાઈન મોડ દ્વારા **કેશ ચલણમાં** દર્શાવેલ અંતિમ તારીખ સુધીમાં જરૂરી ફી ભરેલ હશે તે ઉમેદવારની અરજીને જ માન્ય ગણવામાં આવશે.

(૫) આ સિવાય **અન્ય કોઈ માધ્યમ કે અન્ય બેંકમાં ભરેલ ફી ગ્રાહય રાખવામાં આવશે નહીં** અને તે ફી પરત પણ કરવામાં આવશે નહીં તેમજ અન્ય કોઈ જગ્યા/ભરતી માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહય રાખવામાં આવશે નહીં.

(૬) એક વખત ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો અને જો યોગ્યતા ધરાવતા હોય તો જ સૂચવ્યાનુસાર ફી ભરવી.

## ૫. <u>સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ</u> :

| ક્રમાંક | પરીક્ષાની વિગત | ગુણભાર | સમયગાળો |
|---|---|---|---|
| (ક) | હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | ૧૦૦ ગુણ | ૧૨૦ મિનિટ |
| (ખ) | ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ | ૧૦૦ ગુણ | |

### (ક) <u>હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા</u> : (સંભવિત તા.૨૦/૦૬/૨૦૨૧)

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા કુલ **૧૦૦ પ્રશ્નો અને ૧૦૦ ગુણની** રહેશે.

(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.

(૩) દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ **૦.૩૩ નકારાત્મક ગુણ** રહેશે.

(૪) પરીક્ષાનો સમયગાળો **૨ કલાક (૧૨૦ મિનિટ)** નો રહેશે.

(૫) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| અ.નં. | વિષય |
|---|---|
| ૧. | ગુજરાતી ભાષા |
| ૨. | સામાન્ય જ્ઞાન |
| ૩. | ગુજરાતની ભૂગોળ |
| ૪. | ગણિત |
| ૫. | રમતગમત |
| ૬. | રોજબરોજની ઘટનાઓ |
| ૭. | વાહન/મોટરનું પાયાનું જ્ઞાન |
| ૮. | વાહન–વ્યવહારના નિયમો/ટ્રાફિક રૂલ્સ |

(૬) 'અનુસૂચિત જાતિ' અને 'અનુસૂચિત જનજાતિ' જેવી અનામત કક્ષા હેઠળ આવતા જે ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ઓછામાં ઓછા **૪૫ ગુણ** મેળવશે, જયારે તે સિવાયના અન્ય ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ઓછામાં ઓછા **૫૦ ગુણ** મેળવશે તેઓને જ ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(૭) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય જીલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૮) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં જવાબવહી/ઉત્તરવહી તરીકે **'ઓ.એમ.આર.(OMR) શીટ'** આપવામાં આવશે, જેનું મૂલ્યાંકન ઓ.એમ.આર.શીટ રીડર મશીન દ્વારા સ્કેન કરીને કરવામાં આવે છે. જે સંપૂર્ણ પ્રક્રિયા કોમ્પ્યુટર આધારિત હોઈ, **ઓ.એમ.આર.શીટ રીચેકીંગ/રીએસેસમેન્ટ/ફરીથી મૂલ્યાંકન** અંગેની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

(૯) જો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તિર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરિટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે 'ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ' માટે યોગ્ય / લાયક ગણવામાં આવશે.

## (ખ) <u>ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ</u> : (સંભવિત માસ જુલાઈ–ઓગસ્ટ ૨૦૨૧)

(૧) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ **કુલ ૧૦૦ ગુણની** રહેશે.

(૨) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ હાઈકોર્ટે નક્કી કરેલ ધારા–ધોરણ મુજબ લેવામાં આવશે.

જેમાં નીચે મુજબના મુદ્દા ધ્યાનમાં લેવામાં આવશે :

- સ્ટાર્ટીંગ (Starting)
- ફોરવર્ડ ડ્રાઈવિંગ (Forward Driving)
- ટર્નિંગ્સ (Turnings)
- ઓવરટેકીંગ (Overtaking)
- રિવર્સીંગ (Reversing)
- પાર્કિંગ (Parking)
- કાર મિકેનીક્સની પરિચિતતા અને સારસંભાળનું જ્ઞાન (Familiarity of Car Mechanics & Knowledge of Maintenance)
- સામાન્ય/રીતભાત અને વલણ (General/Manner and Attitude)

(૩) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ **અમદાવાદ અથવા જીલ્લા મુખ્ય મથક ખાતે** લેવામાં આવશે.

(૪) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટમાં **ઉમેદવારોએ ઓછામાં ઓછા ૮૦ ગુણ ('એ' ગ્રેડ)** મેળવવાના રહેશે.

**(ગ) ઉમેદવારે ઉપર જણાવેલ વેબસાઈટ પરથી દરેક પરીક્ષાના એક સપ્તાહ અગાઉ ઈ–કોલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.**

## ૬. <u>પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી</u> :

(૧) પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી, ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા તેમજ ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ એમ બન્ને પરીક્ષામાં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઈ, **મેરિટને આધારે** તૈયાર કરવામાં આવશે.

(૨) જે તે સબંધિત સંવર્ગમાં પ્રકાશિત થયેલ જગ્યા માટે મેરિટને આધારે **પસંદગી યાદી** તૈયાર કરવામાં આવશે.

(૩) મૂળ પસંદગી યાદીમાં સમાવિષ્ટ કક્ષા/કેટેગરીની સંખ્યાના **૨૦ ટકા**થી વધે નહી તેટલી સંખ્યાની **પ્રતિક્ષા યાદી** તૈયાર કરવામાં આવશે. જેનો ઉપયોગ, મૂળ પસંદગી યાદીના લાગુ પડતા સમયગાળા દરમિયાન જો કોઈ જગ્યા ખાલી પડે તો તેવા સંજોગોમાં ખાલી પડનાર જગ્યા ઉપર કક્ષા/કેટેગરી અને મેરિટ અનુસાર પ્રતિક્ષા યાદીમાંથી કક્ષા/કેટેગરી અને મેરિટ અનુસાર ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

(૪) **પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી** રજૂ/પ્રકાશિત થયાથી **૨ વર્ષ** અથવા તો કોઈ નવી યાદી રજૂ/પ્રકાશિત કરવામાં આવે તે સમય, આ બન્નેમાંથી જે વહેલા હશે/થશે ત્યાં સુધી જ અમલમાં રહેશે. આમ છતાં, જો જે તે વર્ષમાં ખાલી જગ્યાની સંખ્યા, પસંદગી યાદીમાં બાકી રહેલા ઉમેદવારોની સંખ્યા કરતાં ઓછી હશે, તો પસંદગી યાદીની મુદત વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે, કે જેથી પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી માંથી જે તે નિમણૂક આપી શકાય.

(૫) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂક, નિયત શરતોને આધીન નિયત સમયમર્યાદામાં નિયમોનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો**ઉમેદવાર નિમણૂકનો હક ગુમાવશે** અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણૂક આપવા અંગેની વિચારણા કરવામાં આવશે નહીં અને હાઈકોર્ટ દ્વારા પસંદગી યાદી/પ્રતિક્ષાયાદી મુજબ કક્ષા/કેટેગરી અને મેરિટ પ્રમાણે અન્ય ઉમેદવારોને નિમણૂક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૬) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદી/પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂક મેળવવા હકદાર બનશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(૭) **પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી ઉપર જણાવેલ હાઈકોર્ટ વેબસાઈટ** ઉપર મુકવામાં / જાહેર કરવામાં આવશે.

## ૭. <u>નિમણૂક માટેની અયોગ્યતા</u> :

નીચે મુજબની વ્યકિત નિમણૂક માટે અયોગ્ય ગણાશે :

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તેવી વ્યકિત,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનૂની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજય સરકાર કે કેન્દ્ર સરકાર **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત,

(૩) એવી વ્યકિત કે જેને નૈતિક અધમતા જેવા ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી.) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેણે ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ – લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરૂષ ઉમેદવાર કે જે એક કરતા વધારે જીવિત પત્ની** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર કે જેણે એવા પુરૂષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્ની** ધરાવતો હોય.

(૬) ઉમેદવાર, જે કોઈપણ પરીક્ષા/ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના યાંત્રિક ઉપકરણ કે પરીક્ષાલક્ષી અન્ય સાહિત્ય સામગ્રી સાથે પકડાયેલ હોય.

## ૮. <u>ઓનલાઈન અરજી કરવાની રીત</u> :

(૧) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે આ જાહેરાત સંપૂર્ણ અને વિગતવાર વાંચી, સમજી ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા ધરાવે છે કે કેમ ? તેની ચકાસણી કરી લેવા સલાહસૂચન આપવામાં આવે છે. ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સંપૂર્ણ સાચી હોવી જોઈએ.

જો કોઈ ઉમેદવાર નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહીં હોય અથવા કોઈ ઉમેદવારે પોતાની સામે થયેલ ફોજદારી/દીવાની ફરીયાદ સબંધિત મહત્વની વિગતો પૂરતી આપેલ નહીં હોય અથવા ગુંચવણભરી આપેલ હશે અથવા છુપાવેલ હશે, તો તેવા કિસ્સામાં તે ઉમેદવારની ઉમેદવારી જે તે તબકકે રદ કરવામાં આવશે. જો નિમણૂક પછી પણ આ પ્રકારની ખામી/ત્રૂટીઓ ધ્યાન પર આવશે, તો તેની/ તેણીની સેવાઓનો અંત તાત્કાલિક અસરથી લાવવામાં આવશે, તેમજ તેની સામે યોગ્ય પગલા ભરવામાં આવશે.

(૨) ઉમેદવારે ઓનલાઈન અરજીમાં પોતાની પાસે જ રહેનાર કાર્યરત/એકિટવ મોબાઈલ નંબર દર્શાવવાનો/આપવાનો રહેશે. જરૂર જણાયે ઓનલાઈન અરજીમાં દર્શાવવામાં આવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર **SMS** દ્વારા પરીક્ષા સબંધિત તેમજ અન્ય સૂચનાઓ ઉમેદવારને મોકલવામાં આવશે. આથી તે મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત/એકિટવ રાખવાનો રહેશે, જે દરેક ઉમેદવાર માટે સલાહભર્યુ તેમજ હિતાવહ છે.

(૩) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે ફોટો અને સહી નીચે જણાવેલ સાઈઝ/માપ મુજબ સ્કેન કરવાના રહેશે.

પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની લંબાઈ/પહોળાઈ ૫ સે.મી.×૩.૬ સે.મી. જેટલી અને સહીની લંબાઈ/પહોળાઈ ૨.૫ સે.મી.×૭.૫ સે.મી. જેટલી હોવી જોઈએ. ફોટો અને સહીને અલગ–અલગ સ્કેન કરવી. સ્કેન કરેલ ફાઈલની સાઈઝ વધુમાં વધુ **૧૫ કે.બી.** હોવી જોઈએ અને **'jpg'** ફોર્મેટમાં જ સેવ કરવી.

(૪) **HC-OJAS પોર્ટલમાં ઓનલાઈન અરજી કરવાના સ્ટેપ :**

(ક) જાહેરાતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ, ઓનલાઈન એપ્લિકેશનમાં માંગવામાં આવેલ વિગતો સમજી તેમજ ચકાસી, ભૂલ રહિત ભરવી.

(ખ) **'Apply Onilne'** બટન ઉપર કલીક કરી, ઓનલાઈન એપ્લિકેશન ફોર્મ ભરવુ.

(ગ) ઓનલાઈન એપ્લિકેશન ફોર્મના અંતે આપેલ **'SAVE'** બટન ઉપર કલીક કરી ઓનલાઈન એપ્લિકેશનને સેવ કરો.

(ઘ) સેવ કર્યા બાદ, એક પોપ–અપ વિન્ડો ખુલશે. જેમાં તમારો 'એપ્લિકેશન નંબર' મળશે. જે ઉદાહરણરૂપે આ પ્રમાણેનો હશે. દા.ત. **'HCG/202021/86/.......'** જે નંબર નોંધી લેવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની પાસે સાચવીને રાખવો. આ જ સ્કીન પેજમાં **'Show Application Preview'** બટન ઉપર કલીક કરવાથી તમે ભરેલ ફોર્મની તમામ વિગતો દેખાશે. જેની ખરાઈ કરી લો.

(ચ) ત્યારબાદ **'Upload Photograph'** દ્વારા સ્કેન કરેલ ફોટો અને **'Upload Signature'** દ્વારા સ્કેન કરેલ સહી જે તે જગ્યા પર અપલોડ કરવા. ઉમેદવારે ખાતરી કરી લેવી કે ફોટો અને સહી બન્ને વ્યવસ્થિત દેખાય છે.

**<u>નોંધ</u> : જે સહી સ્કેન કરીને ઓનલાઈન એપ્લિકેશનમાં અપલોડ કરવામાં આવશે તેવી જ સહી ઉમેદવારે સમગ્ર ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે કરવાની રહેશે. જો સહીમાં ફેરફાર જણાશે, તો ઉમેદવારની ઉમેદવારી રદ કરવા યોગ્ય પગલા લેવામાં આવશે.**

(છ) ફોર્મ ભરવામાં જો કોઈ ભૂલ/ક્ષતિ રહી ગઈ હોય તો તેને સુધારવા માટે **'Edit Application'** બટન ઉપર કલીક કરી, જરૂરી વિગતો જેવી કે **'Application Number'** અને **'Birth Date'** ભર્યા બાદ, જે એપ્લિકેશન ફોર્મ ખુલે તેમાં સુધારા–વધારા કરી, ફરીથી સેવ કરવી.

(જ) જો તમામ વિગતો સાચી અને ભૂલરહિત જણાય તો **'Confirm Application'** બટન ઉપર કલીક કરી, અરજીને **Confirm/કન્ફર્મ** કરો.

**<u>નોંધ</u> : ખાસ યાદ રાખો કે એકવાર Confirm/કન્ફર્મ થઈ ગયેલ અરજી એટલે કે કન્ફર્મેશન નંબર આવી ગયા બાદ, અરજીમાં કોઈપણ સંજોગોમાં સુધારા/ફેરફાર થઈ શકશે નહીં અને તે અરજી માન્ય ગણવામાં આવશે. આથી અરજી Confirm / કન્ફર્મ કરતાં પહેલા, પ્રિવ્યુનો ઉપયોગ કરી, તમામ વિગતો ચકાસી લેવી હિતાવહ અને સલાહભર્યુ છે.**

(ઝ) ત્યારબાદ **'Confirm Application'** ઉપર કલીક કરવાથી એક પોપ–અપ વિન્ડો ખુલશે, તેમાં તમારો **Application No.**(અરજી ક્રમાંક) અને **Date of Birth** (જન્મ તારીખ) લખ્યા બાદ, **Confirm Application** બટન ઉપર કલીક કરો. ત્યારબાદ **Confirmation No.** દેખાશે, તે નોંધી લો અને સાચવીને રાખો.

(ટ) ત્યારબાદ ઉમેદવારે **'Print Application/Pay Fee'** ઉપર કલીક કરી નિયત ફી ભરવી. ફી ભરવા માટે ઉમેદવારે સૂચના ક્રમાંક–૪(ખ)(૧)(અ) અને (બ) માં દર્શાવેલ જરૂરી સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

**<u>નોંધ</u> : કેશ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(ઠ) છેલ્લે **'Print Application/Pay Fee'** ઉપર કલીક કરી, અરજીની બે પ્રિન્ટ મેળવી લેવી. જે ઉમેદવારે પોતાની પાસે જ રાખવાની રહેશે અને તે હાલ હાઈકોર્ટને મોકલવાની રહેશે નહી. પરંતુ જયારે ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવે ત્યારે એક નકલ સાથે લઈને આવવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની **છેલ્લી તારીખ બાદ અરજી પ્રિન્ટ કરી શકાશે નહીં**, જેની ખાસ નોંધ લેવી.

**<u>નોંધ</u>** : કન્ફર્મેશન નંબર ભુલાઈ ગયેલ હોય તો અરજીનો નંબર/મોબાઈલ નંબર અને જન્મ તારીખના આધારે **https://hc-ojas.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ **'Candidate Assistance - Candidate Details'** ના માધ્યમથી મેળવી શકાશે.

(ડ) ઉમેદવારે કોઈપણ સંજોગોમાં **એકથી વધારે** ઓનલાઈન અરજી કરવી નહી.

(ઢ) ઉપર જણાવેલ રીત મુજબ જ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા અન્ય કોઈપણ રીતે/માધ્યમથી કરેલ કોઈપણ અરજી તથા અધૂરી અરજીઓને ગ્રાહય રાખવામાં આવશે નહી.

## ૯. <u>સામાન્ય સૂચનાઓ</u> :

(૧) ઉમેદવારે ભરતી સબંધિત નવીનતમ/અદ્યતન માહિતી માટે હાઈકોર્ટની ઉપરોકત વેબસાઈટ્સ તથા ઓનલાઈન અરજીમાં દર્શાવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબરમાં **SMS** સમયાંતરે ચેક કરતાં રહેવું.

(૨) ઉપલી વયમર્યાદા/ફી માં છૂટછાટ અથવા અનામત જગ્યા માટે અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વ./આ.ન.વ./માજી સૈનિક ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઈકોર્ટ મંગાવે ત્યારે **'ડોક્યુમેન્ટ વેરીફિકેશન'** સમયે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઈકોર્ટને રહેશે.

**<u>નોંધ</u> :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ **(SEBC)** તેમજ આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)**ની જગ્યા ન હોવાથી આવા ઉમેદવારોને સામાન્ય(જનરલ) કક્ષા/કેટેગરીના ધારા/ ધોરણો લાગુ પડશે. તેમ છતાં ફી ભરવામાં તેમને રાહત આપવામાં આવશે.

(૩) જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કરી હશે અને નિયત ફી, સમય મર્યાદામાં ભરી હશે તે ઉમેદવારોને જ હેતુલક્ષી પરીક્ષા/ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ માટે યોગ્ય ગણવામાં આવશે.

(૪) ઉમેદવારની યોગ્યતા અથવા કોઈપણ પરીક્ષામાં બેસવા/આપવા દેવા માટે હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઈકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર/કોલલેટર' ઈસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષામાં બેસવા/આપવા દેવામાં આવશે નહી.

(૫) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, જે તે પરીક્ષામાં હાજર રહેવા, ઉમેદવારે સ્વખર્ચે આવવા–જવાનું રહેશે.

(૬) ઉમેદવારે ઓનલાઈન અરજીનો કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે **https://hc-ojas.gujarat.gov.in** વેબસાઈટ પરથી પરીક્ષા/ટેસ્ટ માટેનો પ્રવેશપત્ર/કોલલેટર, જે તે પરીક્ષા / ટેસ્ટની તારીખના એક અઠવાડીયા અગાઉ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ પરીક્ષા/ટેસ્ટ સમયે રજૂ કરવાનો રહેશે.

**<u>નોંધ</u> :** પરીક્ષા/ટેસ્ટનો પ્રવેશપત્ર/કોલલેટર જે તે પરીક્ષા/ટેસ્ટની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે, જેની ખાસ નોંધ લેવી.

(૭) જે તે સમયે યોગ્ય ઉમેદવારોની યાદી ઉપર દર્શાવેલ હાઈકોર્ટ વેબસાઈટ્સ ઉપર મૂકવામાં આવશે.

(૮) ઉમેદવારે જે તે પરીક્ષા/ટેસ્ટ વખતે **પ્રવેશપત્ર/કોલલેટર અને નીચે પૈકી કોઈપણ એક અસલ ઓળખપત્ર** તેમજ તેની એક નકલ લઈને આવવાનું રહેશે.

- ચૂંટણી કમિશ્નર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચૂંટણીકાર્ડ
- પાનકાર્ડ
- માન્ય (valid) ડ્રાઈવિંગ લાઈસન્સ
- આધાકાર્ડ
- માન્ય (valid) પાસપોર્ટ
- સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડાએ ઇસ્યું કરેલ માન્ય (valid) ઓળખકાર્ડ

(૯) ઉમેદવારને **મોબાઈલ/સેલફોન, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો કે અન્ય સાહિત્ય સામગ્રી** લઈ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ છે.

(૧૦) જો કોઈ ઉમેદવાર પરીક્ષા/ટેસ્ટના સમયગાળા દરમિયાન કોઈ **ગેરરીતિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવું કે યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડા કરવા કે જે તે પરીક્ષા સાથે સબંધિત હોય તેવી કોઈપણ વ્યકિતની મદદ લેવી વિગેરે કે અન્ય કોઈ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો

તે ઉમેદવારને જે તે તબકકે જ અથવા ચોકકસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નકકી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

**<u>નોંધ</u> : હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં કોઈપણ ઉમેદવારે પોતાના કે અન્યના પ્રશ્નપત્રમાં જવાબ દર્શાવતી કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં.**

(૧૧) દરેક પરીક્ષા/ટેસ્ટના પરિણામ હાઈકોર્ટની ઉપર દર્શાવેલ વેબસાઈટ્સ પર મુકવામાં આવશે.

(૧૨) ભરતી પ્રક્રિયાના અંતે દરેક ઉમેદવાર (કોઈ પરીક્ષા/ટેસ્ટમાં ગેરલાયક જાહેર કરવામાં આવેલ હોય તેવા ઉમેદવાર સિવાય), જે તે પરીક્ષા/ટેસ્ટમાં પોતે મેળવેલ ગુણ હાઈકોર્ટના **OJAS** પોર્ટલ **https://hc-ojas.gujarat.gov.in** ના માધ્યમથી મેળવી/જાણી શકશે.

**<u>નોંધ</u> :** આ માટે ઉપરોકત **HC-OJAS** પોર્ટલના ઉપયોગ દરમિયાન, દરેક ઉમેદવારને તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવેલ **OTP (One Time Password)** નો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૩) ઉમેદવાર પરીક્ષા/ટેસ્ટમાં **સફળ થવા અથવા પસંદગી યાદી/પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂક મેળવવા હકદાર બનશે નહીં,** જેની ખાસ નોંધ લેવી.

(૧૪) ઉમેદવારોની જે તે યાદી (લિસ્ટ) તૈયાર કરવા માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાની હાઈકોર્ટને આખરી સત્તા રહેશે.

(૧૫) પસંદગી પામેલ ઉમેદવારે ફરજીયાતપણે હાઈકોર્ટે નકકી કરેલ ધારા–ધોરણ મુજબ મેડિકલ ઓથોરિટી પાસે મેડિકલ ટેસ્ટ પાસ કરવો પડશે. જયાં સુધી હાઈકોર્ટ દ્વારા નકકી કરેલ તબીબી સત્તાધિકારી (મેડિકલ ઓથોરિટી) દ્વારા ઉમેદવારની યોગ્યતા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂક અથવા નિમણૂક પામેલ ઉમેદવારને લાંબાગાળાની સેવાઓ માટે યોગ્ય ગણવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.

(૧૬) જયારે નામદાર હાઈકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી/ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવે ત્યારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો **ફોટો** અને નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો તથા તે પ્રમાણપત્રોની** પ્રમાણિત કરેલ **સુવાચ્ય નકલોનો** એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનું રહેશે.

(ક) નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી **કન્ફર્મ થયેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ** અને ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt/કેશ ચલણ/ફી ભર્યા અંગેના પુરાવા' ની કોપી,

(ખ) **શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઇસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનું પ્રમાણપત્ર,**

(ગ) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત [સૂચના ક્રમાંક–૩(ક)(૧) મુજબ] અંગેનું માન્ય શાળા / બોર્ડ તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક(માર્કશીટ)/પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતા હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ/છેલ્લા વર્ષના ગુણપત્રક/**પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(ઘ) લાઈટ મોટર વ્હિકલ **(LMV)** ચલાવવા અંગેનું માન્ય **(valid)** ડ્રાઈવિંગ લાઈસન્સ,

(ચ) ડ્રાઈવિંગના અનુભવ અંગેનું પ્રમાણપત્ર [સૂચના ક્રમાંક–૩(ક)(૭) મુજબ],

(છ) **અનુ.જાતિ/અનુ. જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના** ઉમેદવારોના કિસ્સામાં **જાતિ અંગેનું પ્રમાણપત્ર (કાસ્ટ સર્ટિફીકેટ)** તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજયના સક્ષમ સત્તામંડળ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન–ક્રિમીલેયર સર્ટિફીકેટ તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોના** કિસ્સામાં ગુજરાત રાજયના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

(જ) **માજી સૈનિક** ઉમેદવારના કિસ્સામાં **ઓળખકાર્ડ, ડિસ્ચાર્જ બુક** તેમજ અન્ય સબંધિત તમામ **પ્રમાણપત્રો/દસ્તાવેજો,**

(ઝ) રાજય/કેન્દ્ર સરકારના ખાતામાં કામ કરતાં કર્મચારીના કિસ્સામાં **અસલ 'ના–વાંધા પ્રમાણપત્ર',**

(ટ) ડોકટર, એન્જીનીયર, એમ.એલ.એ./એમ.પી., રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યકિત દ્વારા આપવામાં આવેલ **ચારિત્ર્ય અંગેના બે અસલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહિનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)**

(ઠ) જો **નામ કે અટકમાં ફેરફાર** કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજપત્ર(ગેઝેટ) ની નકલ,

(ડ) જો ઉમેદવાર સામે/દ્વારા કોઈ ફોજદારી/દીવાની/અન્ય કોઈ કેસ/ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઈ.આર./ચાર્જશીટ/જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (આ અંગેની માહિતી ઉમેદવાર જાહેર નહીં કરે, તો જયારે પણ ઘ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી)

(ઢ) સૂચના ક્રમાંક–૯(૮) માં જણાવ્યા મુજબનું કોઈપણ એક **અસલ ઓળખપત્ર અને તેની નકલ.**

(૧૭) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીતે નિમણૂક કે પરિણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો/પ્રલોભનો/રજુઆતો** ઘ્યાને લેવી નહી.

(૧૮) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ–લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

**૧૦. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહિતી માંગતી આર.ટી.આઈ. એકટ હેઠળની કે અન્ય કોઈપણ અરજી ઘ્યાને લેવામાં આવશે નહીં.**

**૧૧.** આ ભરતી સબંધિત કોઈપણ બાબતે **નામદાર હાઈકોર્ટનો નિર્ણય આખરી** અને તમામ ઉમેદવારોને **બંધનકર્તા** રહેશે.

**હાઈકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ – ૩૮૦૦૬૦**
**તારીખ :૧૫/૦૩/૨૦૨૧**

**Sd/-**
**રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ એન્ડ ફાયનાન્સ)**